**Website terms and conditions**

આ વેબસાઈટ પર વિઝીટ કરતા અને આ વેબસાઈટના માધ્યમ થી એડવાન્સ બુકીંગ કરાવનાર દર્દી અને/અથવા દર્દી ના સગાં એ આ વેબસાઈટ ને લગતી શરતો સ્વીકૃત ગણવી પડશે.

આ વેબસાઈટ ગાયત્રી મેડિકલ હોસ્પિટલ, ડીસા ની માલિકી ની છે.

આ વેબસાઈટ દ્વારા દર્દી પોતાની વિઝીટ નું અડવાન્સ બુકીંગ કરાવી શકશે.

દર્દી આવનારા બે દિવસનું (વર્તમાન દિવસ છોડીને) બુકીંગ કરાવી શકશે.

વેબસાઈટ દ્વારા દર્દી પોતાના પસન્દગીના ડોકટર, આવતીકાલ અથવા તેના પછીના દિવસ માટે ના ટાઈમ સ્લોટ પસન્દ કરી શકશે. આટલી માહિતી સિલેક્ટ કર્યા પછી દર્દીએ પોતાની માહિતી અંગ્રેજી, ગુજરાતી અથવા હિન્દી ભાષામાં કોલમ પ્રમાણે ભરવાની રહેશે.

આ માહિતી ભર્યા પછી નવા અથવા જુના કેસ નું સિલેક્શન આવશે. હોસ્પિટલ ના નિયમાનુસાર દર 3 મહિને કેસ રીન્યુ થાય છે. રેગ્યુલર આવતા દર્દી એક વર્ષ માં 4 વખત કેસ રીન્યુ કરાવે છે. તમારા કેસ પેપર માં નવા કેસ ની તારીખ જોઈ હાલ ની તારીખ પ્રમાણે કેસ રીન્યુ નક્કી કરી લેવો. જો કોઈ દર્દી દ્વારા કેસ ની રિન્યુઅલ તારીખ જોવામાં ભૂલ થઈ હશે તો ડોકટર ની વિઝીટ દરમિયાન બાકી હિસાબ કરવાનો રહેશે.

આટલી માહિતી સબમિટ કરવાથી પેમેન્ટ ગેટવે ખુલશે, જેમાં દર્દી ઓનલાઈન પેમેન્ટ કરશે એટલે એપોઇન્ટમેન્ટ કન્ફર્મ થશે.

એપોઇન્ટમેન્ટ કન્ફર્મ નો મેસેજ સાચવી રાખવો. હોસ્પિટલ વિઝીટ માટે આવો ત્યારે આ મેસેજ કેસ કાઉન્ટર પર બતાવવો જરૂરી છે. સાથે તમારા જુના કેસ પેપર સાચવી ને લઈ આવવા.

જો કોઈ કારણસર દર્દી પોતાની લીધેલી એપોઇન્ટમેન્ટ અનુસાર આવી શકે તેમ ન હોય તો અગાઉ થી હોસ્પિટલ પર ફોન થી જાણ કરવી. દર્દી જો પોતાનો એપોઇન્ટમેન્ટ ટાઈમ સ્લોટ અથવા દિવસ બદલવા માંગે તો હોસ્પિટલ પર આગોતરા જાણ કરવી. જો ડોકટર ની હાજરી હશે અને એપોઇન્ટમેન્ટ સ્લોટ ખાલી હશે તો ચોક્કસ થી ચેન્જ કરી આપવામાં આવશે.

એપોઇન્ટમેન્ટ સ્લોટ પ્રમાણે ન આવી શકનાર દર્દી એ પોતાની કેસ ફી દિન 15 સુધીમાં હોસ્પિટલ કેસ કાઉન્ટર પરથી સવારે 10 થી 12 વચ્ચે પરત લઇ જવી. આ માટે એપોઇન્ટમેન્ટ કન્ફર્મ મેસેજ બતાવવો જરૂરી છે.

એક એપોઇન્ટમેન્ટ માત્ર એક દર્દી માટે જ છે. એક કરતા વધારે દર્દી માટે અલગ થી એપોઇન્ટમેન્ટ નોંધાવવી.

એપોઇન્ટમેન્ટ નોંધાવતી વખતે સિલેક્ટ કરેલો ટાઈમ સ્લોટ એ તમારો રિપોર્ટિંગ ટાઈમ છે. કેસ કાઉન્ટર પર તમારી વિઝીટના સમય ની પૂછપરછ કરી શાંતિ થી રાહ જોવી. તમારી સિલેક્ટ કરેલી એપોઇન્ટમેન્ટ ના ટાઈમ સ્લોટ પ્રમાણે જ બતાવવા આવવું. જો ટાઈમ સ્લોટ ચૂકી જવાય તો તે પછી ના ટાઈમ સ્લોટ ની વચ્ચે સમય ગોઠવી ને ડોકટરની વિઝીટ થશે. ઉતાવળ કરવી નહિ.

હોસ્પિટલમાં આવનાર દર્દીઓ માં જો કોઈ ઇમરજન્સી કેસ આવે તો તે દર્દીને સૌથી પેહલી પ્રાથમિકતા આપવામાં આવશે. આવા સઁજોગો માં શાંતિ થી વિઝીટ ની રાહ જોવી.

કોઈપણ જાત ની લીગલ મેટર ડીસા શહેર જ્યુરીડિકશન માં રહેશે.